# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-10-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 127મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.**

**આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.**

**આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. તેમજ મન કી બાતને આવરી લેતું કચ્છી બુટલેટીન આકાશવાણી ભુજ પરથી આજે સાંજે 7 વાગીને 5 મિનિટે પ્રસારિત કરાશે.**

---

## રેલવે મુસાફરી:

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ચાલુ તહેવારોની મોસમ દરમિયાન અત્યાર સુધીમાં અંદાજે દોઢ કરોડથી વધુ લોકોએ ટ્રેનમાં મુસાફરી કરી છે. તેમણે ઉમેર્યું હતું કે આ મોસમના અંત સુધીમાં અઢી કરોડથી વધુ લોકો ટ્રેનમાં મુસાફરી કરે તેવી અપેક્ષા છે.

શ્રી વૈષ્ણવે ગઈકાલે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે 30 રેલ્વે સ્ટેશનો પર મોટી ભીડ વ્યવસ્થાપન વિસ્તારો નક્કી કરવામાં આવ્યા છે.

રેલ્વે લાઇનોનું નિર્માણ દર વર્ષે 400 થી 600 કિલોમીટરથી વધીને 4 હજાર કિલોમીટરથી વધુ થઈ ગયું છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેમના મંત્રાલયનો ઉદ્દેશ્ય અકસ્માતોની સંખ્યા ઘટાડવાનો અને મુસાફરીને વધુ સુરક્ષિત બનાવવાનો છે.

---------------------------------------------------------------------------------------------

## આર્મી કમાન્ડર્સ પરિષદ:

રાજસ્થાનના જેસલમેરમાં આર્મી કમાન્ડર્સ પરિષદમાં સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે અનેક મુખ્ય ડિજિટલ અને કલ્યાણકારી પહેલોનું ઉદ્ઘાટન કર્યું. જેમાં કોણાર્ક અને ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સ માટે એજ ડેટા સેન્ટર્સનો સમાવેશ થાય છે. આ કેન્દ્રો ઝડપી, સુરક્ષિત અને ઝડપી ડેટા પ્રોસેસિંગને સક્ષમ બનાવવા માટે રચાયેલ છે.

સંરક્ષણ મંત્રીએ આધુનિક ઉપકરણો, હેલ્પલાઇન પોર્ટલ પણ લોન્ચ કર્યું, જે સેનાને કૃત્રિમબુદ્ધિમત્તા AI-સક્ષમ જાળવણી સપોર્ટ અને રીઅલ-ટાઇમ તકનીકી સહાય પૂરી પાડશે. આ પ્રસંગે સૈનિક યાત્રી મિત્ર એપનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## AIIMS દીક્ષાંત સમારોહ:

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું કે ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ-AIIMS એ મેડિકલ સાયન્સ, તાલીમ અને આરોગ્યસંભાળ ક્ષેત્રે દેશભરના લોકોને ઉત્તમ સેવા પૂરી પાડી છે. AIIMS દિલ્હીના 50મા દીક્ષાંત સમારોહને સંબોધતા શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે દેશમાં અંડરગ્રેજ્યુએટ મેડિકલ બેઠકો હવે 51 હજાર થી વધીને 1 લાખ 29 હજાર થઈ છે. અનુસ્નાતક મેડિકલ બેઠકોની સંખ્યા પણ 78 હજાર થઈ ગઈ છે.

---------------------------------------------------------------------------------------------

## લાભ પાંચમ પર્વ:

આજે લાભ પાંચમનું પર્વ શ્રદ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવાઈ રહ્યું છે. વિક્રમ સંવતના નુતન વર્ષ પછી વેપારીઓ નવા ચોપડામાં હિસાબ કિતાબ લખવા સાથે વેપારી પ્રવૃતિનો પ્રારંભ કરે છે. શુભ મંગલ કાર્યોના આજ થી શ્રી ગણેશ થાય છે. આજનું પર્વ માતા સરસ્વતીના પૂજન સાથે સંકળાયેલું છે.

---------------------------------------------------------------------------------------------

## મહિલા ક્રિકેટ:

મહિલા વિશ્વકપની અંતિમ લીગ મેચમાં ભારતનો મુકાબલો બંગલાદેશ સાથે થશે. નવી મુંબઈના ડી.એલ પાટીલ સ્ટેડિયમ ખાતે આજે બપોરે ત્રણ વાગ્યે મેચ શરૂ થશે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છમાં પ્રવાસન:

છેલ્લા એક દાયકાથી કચ્છ પ્રવાસીઓનું માનીતું બની ગયું છે. દિવાળીની રજાઓ સાથે કચ્છમાં પ્રવાસન સીઝનની શરુઆત થઈ છે, જિલ્લા મથક ભુજના ફરવાના સ્થળો ઉપર છેલ્લા કેટલાક દિવસોથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે.

કચ્છ આવતા પ્રવાસીઓ ભુજની ઐતિહાસિક વિરાસત, પ્રાગ મહેલ, આઈના મહેલ, છતરડી, કચ્છ સંગ્રહાલય, સ્વામિનારાયણ મંદિર, સ્મૃતિવન અને ભૂકંપ સંગ્રહાલયની મુલાકાત લઇ રહ્યા છે.

ધાર્મિક સ્થળોની સાથે ધોરડો, ધોળાવીરા અને રોડ ટુ હેવન સહિતના સ્થળોએ પ્રવાસીઓની ભીડ જોવા મળી રહી છે.

આ શિયાળાની સિઝનમાં ચારથી પાંચ લાખ પ્રવાસીઓ આવશે તેવી સંભાવના છે.ધોળાવીરા ખાતે અંદાજે રોજના 5 થી 6 હજાર લોકો આવી રહ્યા છે. ઘડુલી - સાંતલપુર રોડ પણ પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ સાબિત થઈ રહ્યો છે.જેના કારણે સ્થાનિક રોજગારની તકોનું પણ સર્જન થયુ છે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

અરબી સમુદ્રમાં સર્જાયેલા ડિપ્રેશનની અસર તળે રાજ્યની સાથે કચ્છમાં પણ વરસાદ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ વરસવાની શરૂઆત થઈ ગઈ છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા આવતીકાલથી આખું અઠવાડિયું કેટલાક વિસ્તારમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ વરસવાની આગાહી કરાઈ છે.

દરમિયાન કચ્છનાં વાતાવરણમાં થોડો પલટો પણ જોવા મળ્યો હતો. વાતાવરણમાં ઉકળાટનું પ્રમાણ વધવા સાથે સવારે અનુભવાતો ઠંડીનો હળવો ચમકારો પણ હવે ઓછા પ્રમાણમાં અનુભવાઈ રહ્યો છે. ડિપ્રેશનનાં પગલે દરિયો તોફાની બને તેવી શક્યતાને જોતાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે, તો કંડલા, મુંદરા, માંડવી, જખૌ સહિતના બંદરો પર એક નંબરનું સિગ્નલ લગાવાયું છે.

---